**મે.સુરતના બીજી મજુર અદાલતના ન્યાયાધીશ,**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૧૦૫૪/૨૦૨૫**
**આંક–૧૪**

**ફરીયાદી– સરકાર પક્ષે શ્રી.ડી.એન.શાહ,નિરીક્ષક,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી–(૧) શાંતિદેવી પબ્લિક એજયુકેશન ટ્રસ્ટ–( K7 ઈન્ટરનેશનલ હાઈસ્કુલ)**
બીઆરટીએસ ચાર્જિંગ સ્ટેશનની બાજુમાં,નવો ગૌરવપથ રોડ,પાલ ગામ,પાલનપોર,સુરત

**(૨) શાંતિદેવી બી ચૌધરી,(ડિરેકટરશ્રી)**
C/o **શાંતિદેવી પબ્લિક એજયુકેશન ટ્રસ્ટ (સંસ્થા)**
બીઆરટીએસ ચાર્જિંગ સ્ટેશનની બાજુમાં,નવો ગૌરવ પથ રોડ,પાલ ગામ,પાલનપોર,સુરત
(રહે.૧૮,રઘુનંદન રો હાઉસ,મહારાણા પ્રતાપ ચોક,સીએનજી પેટ્રોલપંપની નજીક,ગોડાદરા,સુરત)

**ગુનો– સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ અને ઉકત અધિનિયમ હેઠળના ગુજરાતના નિયમો–૧૯૭૬ ના નિયમ–૬ ના ઉલ્લંધન બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે સરકારી શ્રમ અધિકારીશ્રી, સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીઓને સદરહું ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટમાં રૂબરૂ આરોપીઓ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ આપી.તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૧૦,આંક–૧૧ અને આંક–૧૨,આંક–૧૩ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરી છે.

આરોપીઓએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ (ગુજરાત)ના નિયમ–૬ ના ભંગ બદલ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરે છે.આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ, આરોપીની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપીઓને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**– આખરી હુકમ –**

આરોપીઓને **સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ અને ઉકત અધિનિયમ હેઠળના ગુજરાતના નિયમો–૧૯૭૬ ના નિયમ–૬** ના ઉલ્લંધન બદલના શિક્ષાપાત્ર ગુના અંગે સદર અધિનિયમની કલમ–૧૦(૧) હેઠળ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને દરેક નિયમના ઉલ્લંધન બદલ **રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે કુલ **રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪ મી, માહે– માર્ચ,સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ
મજુર અદાલત નં.૨,સુરત
Code No.GJ01279